# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2558 ❖ માઘ પૂર્ણિમા ❖ 3 ફેબ્રુઆરી 2015 ❖ વર્ષ – 15 ❖ અંક – 10 ❖ સળંગ અંક - 178

## ધમ્મવાણી

अनुपुब्बेन मेधावी, थोकं थोकं खणे खणे ।
कम्मारो रजतस्सेव, निद्धमे मलमत्तने ।।
अयसाव मलं समुट्ठितं, तदुट्ठाय तमेव खादति।
एवं अतिधोनचारिनं, सानि कम्मानि नयन्ति दुग्गतिं।।

સમજદાર વ્યક્તિ પોતાના મેલને ક્રમશઃ થોડો થોડો, ક્ષણ–પ્રતિક્ષણ એવી રીતે દૂર કરે, જેમ કે રજતકાર (સોની) ચાંદીના મેલને દૂર કરે છે. જે રીતે લોખંડ પર લાગેલો કાટ તેના પર લાગી તેને જ ખાઇ જાય છે, તેવી રીતે મર્યાદાઓનું ઉલ્લંઘન કરનાર વ્યક્તિનાં પોતાનાં જ કર્મ તેને દુર્ગતિ તરફ લઇ જાય છે.

## જળધારા અટકી ગઇ

કોશલ દેશની રાજધાની શ્રાવસ્તી. નગરનો ખૂબ ધનવાન શ્રેષ્ઠીપરિવાર. નાના–મોટા અનેક ઓરડાવાળી વૈભવશાળી સાત માળની હવેલી. એમાં કેવળ ચાર સભ્યોનો નાનકડો શ્રેષ્ઠીપરિવાર રહે. શેઠ, શેઠાણી, એક નાનો પુત્ર અને એક પુત્રી. પુત્રીએ કિશોર અવસ્થા વટાવી યૌવાનમાં પગ મૂક્યો. ઘરમાં વૈભવનાં બધાં સાધનો. બહાર પણ **'सर्व अस्ति'** શ્રાવસ્તી – આમોદ–પ્રમોદ અને ખેલ–તમાશાના આકર્ષક મનોરંજનથી ભરપૂર મહામાયા નગરી. પિતાને ધન કમાવાનો નશો. રાતદિવસ એમાં જ મશગૂલ રહે. માતાને વિવિધ સામાજિક સંગઠનોમાં રચ્યાપચ્યા રહેવાનો શોખ. બાળકોની જરા પણ દેખરેખ નહીં, સાર–સંભાળ નહીં. નાના પુત્ર માટે એક અલગ નોકર રાખેલ. યુવાન પુત્રીની સેવા માટે એક અન્ય યુવાન નોકર ! જેના ખરાબ સહવાસે તે અલ્લડ નવયૌવનાની ઊગતી ઉંમરમાં વાસનાનો વિર જગાવી દીધો. પગ લથડયા અને એકવાર લપસી પછી લપસતી જ ગઇ. એ વિશાળ હવેલીમાં એકાંત અનાચારની પૂરેપૂરી અનુકૂળતા મળતી. બંને પાપના કાદવમાં દિન–પ્રતિદિન ખૂંપતાં ગયાં.

દીકરી વીસ વરસની થઇ ત્યારે માબાપને એના લગ્ન કરવાનું સૂઝ્યું. એક સુખી, વૈભવશાળી અને પ્રતિષ્ઠિત પરિવારના યોગ્ય પુત્ર સાથે સગાઇ કરવામાં આવી. લગ્નનો દિવસ પણ નક્કી થઇ ગયો. આજે આંગણે જાન આવવાની છે; અહીંયા બંને અનાચારીઓને ચિંતા થવા લાગી – પારકે ઘેર ગયા પછી તો એકબીજાને જોઇ પણ નહીં શકે; શરીર–સંબંધની વાત તો દૂર રહી.

વાસનાના પંક–પૂતળાને મિથ્યા પ્રેમના સુંદર વાઘા પહેરાવી, તેના પર ભ્રામક ત્યાગના ભભકદાર આભૂષણો પહેરાવી બંનેએ પોતાના દુષ્કર્મોનું ન્યાયીકરણ કરી ભાગી જવાનો ફેંસલો કર્યો. બંનેએ સંકલ્પ કર્યો – ભલે ગરીબીમાં રહેવું પડે પણ સાથે રહીશું. આંગણે જાન આવે એ પહેલાં બંનેની ભાગી જવાની યોજના સફળ નીવડી. થોડુંઘણું જે કાંઇ ધન–આભૂષણ હાથ લાગ્યાં તે લઇને ભાગી ગયાં અને શહેરથી દૂર એક નાના ગામમાં જઇને વસ્યાં.

સાથે લાવેલું ધન બહુ દિવસો ચાલ્યું નહીં. પાપ–કર્મોના ફળનો ઉદય થયો. ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાં દિવસો વીતવા લાગ્યા. બે વરસ બાદ યુવતી ગર્ભવતી બની. જેમ જેમ ગર્ભવિકાસ પામતો ગયો, તેમ તેમ ચિંતા પણ વધતી ગઇ–આવી ખરાબ સ્થિતિમાં પ્રસવ કેમ થશે ? બાળકની સંભાળ કેમ લેવાશે ? માબાપની યાદ સતાવવા લાગી. મારા કુકર્મના લીધે એમની પ્રતિષ્ઠા ધૂળમાં મળી ગઇ. તેઓ આ કારણે ખૂબ જ નારાજ હશે, પરંતુ હું જઇને ક્ષમા માંગીશ તો તેઓ જરૂર માફ કરશે. આખરે તો માબાપ છે ને ! ત્વરિત પિયર જવા મન અધીરું બન્યું. પતિ ગભરાયો. એને ભય હતો કે શ્રાવસ્તી ગયા પછી ખૂબ મોટો રાજદંડ ભોગવવો પડશે. તેથી તે જવા તૈયાર ન હતો. આજકાલ, આજકાલ કરી બહાનાં બનાવી ટાળવા લાગ્યો. પતિના જૂઠાં આશ્વાસનોથી નિરાશ થઇ ગર્ભની વિકસિત અવસ્થામાં એ દુઃખી યુવતીએ એકલા જ જવાનો ફેંસલો કર્યો. પતિ જ્યારે કામ માટે બહાર ગયો હતો ત્યારે પાડોશીને જણાવી શ્રાવસ્તી જવા નીકળી પડી. રસ્તામાં બિહામણું વન હતું. પરંતુ થાકી–પાકી નિર્ભય બની એકલી જતી હતી. ઘરે આવતાં જેવી પતિને જાણ થઇ કે તરત જ તે પાછળ પાછળ દોડતો આવ્યો. પરંતુ પત્ની પાછી ફરવા તૈયાર ન થઇ. લાચાર પતિ પણ એની સાથે થયો. રસ્તે ચાલતાં ચાલતાં પ્રસવ વેદના શરૂ થઇ અને ત્યાં જંગલમાં એક પુત્રનો જન્મ થયો. ત્યાર પછી પતિના ભારે આગ્રહથી તે એની સાથે પોતાના ઘરે પછી આવી.

આ રીતે દીન અવસ્થામાં બીજા બે વરસ વીત્યાં. તેને ફરી ગર્ભ રહ્યો; ફરી માબાપ યાદ આવવા લાગ્યા. ફરી પતિ એ જ રીતે બહાનાં બનાવવા લાગ્યો અને ટાળવા લાગ્યો. અંતે તેણે એકલીએ જવાનો નિશ્ચય કર્યો. બાળકને ગોદમાં લઇ વિકસિત ગર્ભાવસ્થામાં શ્રાવસ્તી તરફ ચાલી નીકળી પતિ પાછળ પાછળ દોડતો આવ્યો અને એ જ રીતે ફરી નિર્જન વનમાં પ્રસવ–પીડા ઊપડી પ્રસવનો સમય આવ્યો. દુર્ભાગ્યે એ જ વખતે કમોસમી આંધીનું તોફાન આવ્યું અને પછી મુશળધાર વરસાદ વરસવા લાગ્યો. ક્યાંય માથું ઢાંકવા છાપરું ન હતું. પ્રસવપીડા વધતી જતી હતી. તેને આશ્રયની આવશ્યકતા હતી. વિચાર્યું – સુખમાં ઊછરેલી આ શેઠની પુત્રીની આ દુર્દશા મારે જ કારણે થઇ. મારે એને આંધી અને વરસાદથી બચાવવા કાંઇક તો કરવું જોઇએ. લાવને ક્યાંકથી થોડાં લાકડાં કાપી, સૂકા પાંદડાં ભેગાં કરી શરીર ઢાંકવાલાયક એના માટે પર્ણકુટિ બનાવી આપું. આ ઉદ્દેશથી તે ઘનઘોર અંધારી રાતમાં નીકળી પડયો, રાતભર પાછો ન આવ્યો. ગર્ભવતી યુવતી કાદવ અને પાણી ભરેલા રસ્તા પર પડી પડી કણસતી રહી. તેનું અરણ્ય–રુદન સાંભળનાર કોઇ ન હતું. કોણ મદદ કરે ? આવી વિકટ પરિસ્થિતિમાં

ફરી પ્રસવ થયો. એક નાનકડા બાળકને જન્મ આપ્યો. સવારે મળસકું થતાં સુધી પણ પતિ પાછો ન આવતાં એ ગભરાઇ. બંને બાળકોને છાતીએ વળગાડી, પતિને શોધવા નીકળી, થોડે જ દૂર ગઇ ત્યાં જોયું તો તેના પતિનું શરીર સ્થિર અને લીલું થયેલું પડયું છે. એનું પ્રાણખેરું ઊડી ગયું હતું ! કોઇ ઝેરી સાપ એને ડંખ્યા હતો. શું કરે ? રોતી, કકળતી, વિલાપ કરતી બંને બાળકોને છાતીસરસાં ચાંપી એકલી શ્રાવસ્તી તરફ ચાલી નીકળી.

પ્રલયકારી વરસાદ અટકવાનું નામ નહોતો લેતો. રસ્તામાં આવતા નાના નાના વહેળાં પણ નદી સમાન બની ગયા હતા. નાની એવી અચિરવતી નદી આ પૂરને કારણે ખૂબ વિશાળ બની ગઇ હતી. બંને બાળકોને લઇને આ નદીને કેવી રીતે પાર કરવી ? અંતે એક યુક્તિ સૂઝી. મોટા બાળકને સમજાવીને નદીના આ કાંઠે બેસાડયો અને નવજાત બાળકને લઇને નદી પાર કરી ગઇ. સામે કાંઠે પહોંચી, નાના બાળકને કાપડામાં વીંટાળી એક ઝાડી નીચે સુવાડી, મોટાને લઇ આવવા માટે ફરી નદી પાર કરવા લાગી. પણ નજર તો નવજાત બાળક પર જ હતી – રખે, એને કાંઇ થઇ ન જાય. નદીની વચ્ચો–વચ્ચ પહોંચતાં જોયું તો એક મોટું ગીધ બાળકને માંસનો લોચો સમજી તેના પર તરાપ મારી રહ્યું છે ! બાળકને બચાવવા અને ગીધને ઉડાડવા માટે જોર–જોરથી શૂ...શૂ...નો અવાજ કરવા લાગી અને પોતાના બંને હાથ હલાવવા લાગી. ગીધ પર એની કોઇ અસર ન થઇ. તે નવજાત શિશુને પોતાના પંજામાં પકડીને ઊડી ગયું. પરંતુ એની અવળી અસર સામે કાંઠે બેઠેલા બાળક પર થઇ. તેણે માનો અવાજ સાંભળ્યો અને તેને જોરપૂર્વક હાથ હલાવતા જોઇ તે સમજયો કે મા મને બોલાવી રહી છે. એ ઝડપથી નદીમાં કૂદયો અને જોતજોતામાં તો નદીના તેજ વહેણમાં તણાઇ ગયો. દુખિયારી અસહાય માં.

પતિને સાપ કરડી ગયો, એક બાળકને ગીધ ઊપાડી ગયું, બીજાને નદી પોતાના વહેણમાં ખેંચી ગઇ. અભાગણ નારી રોતી, વિલાપ કરતી શ્રાવસ્તી તરફ ચાલવા લાગી. પરંતુ હજી તેને વધુ દુઃખના દિવસો જોવાના બાકી હતા. દુષ્કર્મોનું ઘણું ફળ પાકવાનું બાકી હતું. શ્રાવસ્તી પહોંચતાં પહેલાં સ્મશાન પાસેથી પસાર થઇ તો જોયું તો ત્યાં ચિતા પર મૃતદેહોને અગ્નિદાહ દેવાઇ રહ્યો છે. શ્રાવસ્તીથી આવતા એક રાહદીરીને પૂછયું તો જાણવા મળ્યું. કે રાતનાં આંધી, તોફાન અને વરસાદને કારણે નગર શેઠની સાત માળની હવેલી પડી ગઇ, જેમાં શેઠ, શેઠાણી અને તેમનો એકનો એક પુત્ર દબાઇને મરી ગયાં. અરે ! એ જ તો તેના પિતા હતા, એ જ તેની જ લાશોને અગ્નિદાહ દેવાઇ રહ્યો હતો. આ દુઃખદ વાત સાંભળતાં એના પર દુઃખના ડુંગર તૂટી પડયા. હવે સંસારમાં એનું કોઇ ન રહ્યું તે પોતાની જાતને ન સંભાળી શકી. ત્યાં જ પછડાટ ખાઇને પડી ગઇ.

થોડા સમય પછી ઊઠી, પણ ખોયેલું ભાન ખોવાયેલું જ રહ્યું, પાછું ન આવ્યું. સંપૂર્ણપણે પાગલ થઇ ગઇ. એક એક કરીને શરીર પરનાં બધાં જ વસ્ત્રો ફેંકી દીધાં. જરા પણ હોશ નહીં પૂર્ણ નગ્ન અવસ્થામાં શ્રાવસ્તીની સડકો અને શેરીઓમાં માથું ધુણાવતી, છાતી કુટતી, વલખાં મારતી ફરવા લાગી !

''હાય ! મારા પતિને સાપ કરડી ગયો, નાનાને ગીધ ઉપાડી ગયો, મોટાને નદી ખેંચી ગઇ ! માબાપ–ભાઇ દબાઇને મરી ગયાં અને એકસાથે ચિતામાં સળગાવી દીધાં '' લોકો એના કરૂણ વિલાપ સાંભળી દુઃખી થતા, પણ શું કરે ! એની ગાંડા જેવી હરકતો જોઇ પોતાના ઘરના બારણાં બંધ કરી દેતાં. કોઇ એને પાસે ન આવવા દેતા. ''ગાંડી ગાંડી'' કહીને બાળકો એની પાછળ દોડતાં, પથ્થરો ફેંકતાં, ધૂળ ઉડાડતાં.

આવી દુઃખદ અવસ્થામાં પોતાના પૂર્વ પુણ્યને કારણે તે એક દિવસ જેતવન–પાસેથી પસાર થઇ. ત્યાં ભગવાન એક મોટી સભાને ધર્મ સમજાવી રહ્યા હતા. લોકોએ તેને આવતી જોઇ તો તેને દૂર ભગાડવાની ઇચ્છા થઇ – ક્યાંક ગાંડી સ્ત્રી ધર્મસભાની શાંતિમાં વિઘ્ન ઊભું ન કરે. પરંતુ ભગવાનની નજર એ દુખિયારી ઉપર પડી તો લોકોને રોક્યા. દુખિયારી ભગવાન નજીક આવી. ભગવાને કરુણામય શબ્દોમાં કહ્યું, ''મારી દુખિયારી દીકરી ! હોશ સંભાળ.'' વાણીમાં અમૃત ભર્યું હતું., સાંભળતાં જ દુખિયારીને જરા ભાન આવ્યું. તેનું ધ્યાન પોતાના સંપૂર્ણ નગ્ન શરીર પર ગયું તો લાજની મારી સંકોચાઇ ગઇ. ત્યાં જ ઊભડક બેસી ગઇ. બાજુમાં ઊભેલા કોઇ ભાઇએ પોતાની ચાદર તેના ઉપર નાખી. તેણે તરત જ ચાદર ઓઢી લીધી. વિક્ષિપ્ત અવસ્થામાં બધાં જ વસ્ત્રોનો ત્યાગ કરનાર, ચાદર ઓઢનાર આ દુખિયારીનું નામ 'પટાચારા' પડી ગયું. લોકો એનું નામ જ ભૂલી ગયા.

પટાચારા ભગવાનની વધુ નજીક આવી અને પોતાના બે પગ, બે હાથ અને માથું જમીનને લગાવી પંચાંગ પ્રણામ કરતી બોલી, ''ભન્તે ભગવાન ! મને શરણ આપો, હું બહુ દુખિયારી છું.''

''દીકરી, તું યોગ્ય શરણ–સ્થાન પર આવી ગઈ છે. તને અહીં જરૂર શરણ મળશે. '' ભગવાને આશ્વાસનભર્યા શબ્દોમાં કહ્યું.

''ભન્તે ભગવાન, મારા પતિને કાળો નાગ કરડી ગયો માતા–પિતા, ભાઇ–બહેન, પતિ–પુત્ર શરણ નથી આપી શકતા. સાચું શરણ તો પોતે ધારણ કરેલ ધર્મ જ આપશે. તું કયા પ્રિય સ્વજનોનાં મૃત્યુ પર દુઃખનાં આસું વહાવી રહી છે ? આ અનાદિ ભવસંસારમાં તેં અનેક વાર જન્મ લીધા છે. બધા જન્મમાં તારાં પ્રિય સ્વજનો મર્યાં છે. તેમના મૃત્યુ પર તેં જેટલાં આંસુ સાર્યાં છે, તે બધાં જ જો એક જગ્યાએ એકત્રિત કરવામાં આવે તો ચારેય સમુદ્રનું પાણી પણ તેની સરખામણીમાં ઓછું હશે. હજુ કેટલાં જન્મો સુધી આ રીતે પ્રિયના વિયોગમાં રડતી રહીશ ? પ્રમાદ છોડ ! ભાનમાં આવ. સમજદારે તો આ અસીમ દુઃખમય ભવસાગરના સત્યને સમજીને શીઘ્રથી શીઘ્ર મુક્તિનો માર્ગ શોધવો જોઇએ, જેથી હંમેશ માટે દુઃખ–વિમુક્ત થઇ જાય.''

ભગવાનની વાણી દ્વારા અમૃત વરસ્યું. યોગ્ય પાત્રે તેને ગ્રહણ કર્યું. ભગવાનની વાણી સાંભળતાં સાંભળતાં એ દુખિયારીનું ચિત્ત એકાગ્ર થયું, થોડીવાર માટે અંતર્મુખી થયું – સ્વમુખી થયું, શરીરના અણુ–અણુમાં ઉદય–વ્યયની પ્રત્યક્ષ અનુભૂતિ થઇ. અનેક જન્મોની અસીમ પુણ્ય–પારમીને કારણે આ અનિત્ય બોધની ધર્મગંગામાં બધાં પાપ–તાપ ધોવાવાં લાગ્યાં. ત્યાં જ બેઠાં બેઠાં પટાચારાએ નિવાર્ણ અવસ્થાનો સાક્ષાત્કાર કર્યો; સ્રોતાપન્ન થઈ.

કૃતજ્ઞતા–વિભોર થઈ ભગવાનને નમસ્કાર કર્યા અને તેમની પાસેથી પ્રવજયા દીક્ષાની યાચના કરી. ભગવાને એને ભિક્ષુણીઓ પાસેથી પ્રવજયા–દીક્ષા અપાવી અને પટાચારા મુક્તિના માર્ગ પર દ્રઢતાપૂર્વક આરૂઢ થઈ.

જે ભવ–સંસ્કાર બાકી હતા, તેનો સામનો કરવાનો હતો. તેને પણ અંતર્તપ કરતાં કરતાં વિપશ્યનાની અગ્નિમાં બાળવાનાં હતાં. કામ કરવામાં મુસ્કેલીઓ આવતી હતી. કયારેક કયારેક અકાળ મૃત્યુ પામેલ સ્વજનો–પ્રિયજનોની ફરીથી સાધનાની તૈયારીમાં લાગી. ડોલમાંથી લોટો ભરેલું પાણી લઇને પોતાના પગ

ધોયા.સુકી ધરતી પર વહેતું પાણી જરા આગળ જઇ સૂકાઇ ગયું આગળ વધી ન શક્યું. ફરી એક લોટો પાણી પગ પર નાખ્યું. આ વખતે પહેલાં કરતાં થોડું વધારે આગળ જઇને સૂકાઇ ગયું. ત્રીજી વખત પગ પર પાણી નાખ્યું તો પાણીનો પ્રવાહ જરા વધારે આગળ જઇને સૂકાઇ ગયો.

નાની એવી આ ઘટનાએ અંદરના જ્ઞાનતંતુઓને ઢંઢોળી નાખ્યા. મોહજન્ય અજ્ઞાનનો પડદો દૂર થયો. જેવી જલધારા, એવી જ જીવનધારા. આ સંસારમાં કોઇ કોઇની જીવનધારા નાની ઉંમરમાં જ સૂકાઇ જાય છે. કોઇ કોઇની મધ્યમ ઉંમરમાં અને કોઇ કોઇની મોટી ઉંમરમાં. પણ બધા મરે તો છે જ; કોઇ બચતું નથી. આ મરણાનુસ્મૃતિના આધારે સાધના કરવા બેઠી. આ જ ક્ષણે ભગવાનના અમૃતભર્યા બોલ કાનમાં ગૂંજી ઊઠયા :

**यो च वस्ससतं जीवे, अपस्सं उदयब्बयं ।**

**एकाहं जीवितं सेय्यो, पस्सतो उदयब्बयं ।।**

ઉદય-વ્યયની સચ્ચાઇને વિપશ્યના દ્વારા જોયા વગર કોઇ ભલે સો વરસ જીવે, પણ તેની સરખમાણી કરતાં ઉદય-વ્યયને જોતાં રહી એક દિવસ જીવવું પણ શ્રેષ્ઠ છે; શ્રેયકર છે.

ધર્મવાણી સાંભળી સાધિકા પટાચારાના રોમ-રોમ રોમાંચિત થઇ ગયા. મેં જીવનના પચીસ વરસ પોતાની અંદર ઉદય-વ્યયનાં દર્શન કર્યા વગર જ ગુમાવી દીધાં. હવે ભગવાનની અસીમ અનુકંપાને કારણે આ સત્યનો સાક્ષાત્કાર થયો છે. આ સત્યના પ્રતિ સાક્ષીભાવ રાખવાથી મને નિર્વાણનું પ્રથમ દર્શન થયું હતું. આ જ ઉદય-વ્યયનાં નિરંતર દર્શન કરતાં કરતાં આગળની અવસ્થાઓ પ્રાપ્ત થશે. ખેડૂત ખેતરમાં પરિશ્રમ કરે છે, ખેડે છે, વાવે છે, તો ફળ પ્રાપ્ત કરે છે. હું શુદ્ધ શીલમાં પ્રતિષ્ઠિત બુદ્ધ-પુત્રી, એમના બતાવેલ માર્ગ પર આળસ વગર પુરુષાર્થ કરું તો પરમ મુક્ત અવસ્થા પ્રાપ્ત કરી જ લઇશ - આમ દ્દઢ નિશ્ચિય કરીને પોતાની કુટીરમાં વિપશ્યના કરવા બેઠી.

બાજુમાં બળતા દીવાની જ્યોત ધીમી પડવા લાગી તો સોઇથી ઠીક કરવાનો પ્રયત્ન કર્યો, પણ તેનાથી જ્યોત બુઝાઇ ગઇ. પછી એનામાં અંતરબોધ જાગ્યો-જેવી રીતે આ દીવાની જ્યોત બુઝાઇ ગઇ, એવી રીતે મારા રાગ, દ્વેષ અને મોહના સંસ્કારોની જ્યોત બુઝાશે અને મનુષ્ય જીવન સાર્થક થશે.

પટાચારા વધુ દૃઢતાથી વિપશ્યનામાં લાગી ગઇ. શરીર અને ચિત્તના પ્રપંચને એના અનિત્ય સ્વભાવમાં તટસ્થ ભાવથી જોતાં જોતાં અંતર્મન પર પડેલા ભવ-સંસ્કારોના પડો ઊતરવાં લાગ્યા અને રાત વીત્યા પહેલાં જ તે સ્રોતાપન્નથી સકૃદાગામી, સકૃદાગામીથી અનાગામી અને અનાગામીથી અરહંત અવસ્થા સુધી પહોંચી ગઇ. ભવચક્ર તૂટયું; નિતાંત વિમુક્તિ મળી. મનુષ્ય જીવન સફળ થયું;

પટાચારા ભગવાનની પ્રમખુ શિષ્યાઓમાંની એક બની. જે થોડાં ભિક્ષુ-ભિક્ષુણી, ગૃહસ્થ સ્ત્રી-પુરુષોને ભગવાને અગ્રની ઉપાધિ આપી, એમાં પટાચારા પણ એક હતી. ભિક્ષુણીઓના નીતિ-નિયમોને સારી રીતે સમજનાર અને એનું પાલન કરનાર સાધ્વીઓમાં પટાચારા અગ્રગણ્ય ગણાતી. તેણે પોતાનું સંપૂર્ણ શેષ જીવન પોતાના જેવી દુખિયારી સ્ત્રીઓને ધર્મના માર્ગ આરૂઢ કરી દુઃખ-મુક્ત કરાવવામાં જ વિતાવ્યું. પોતાના કલ્યાણની સાથોસાથ અનેકોના કલ્યાણનું કારણ બની. પટાચારા વિપશ્યનાને અને વિપશ્યના પટાચારા જેવી સાધ્વીને પામી ધન્ય બની!!

**- જાગે પાવન પ્રેરણા પુસ્તિકામાંથી સાભાર**

## ધમ્મ અંબિકામાં શૂન્યાગાર પર છત્રીની સ્થાપના તેમ જ જૂના સાધકોનું એક દિવસીય સંમેલન

**તારીખ** : ૧/૦૩/૨૦૧૪, રવિવાર

**સમય** : સવારે ૮:૩૦ કલાકે રજીસ્ટ્રેશન અને ચા-નાસ્તાથી શરૂ કરી સાંજે ૫:૩૦ કલાકે સમાપન.

**સ્થળ** : ધમ્મ અંબિકા, નેશનલ હાઇવે નં.-૮, (મુંબઇથી અમદાવાદ), બોરિયાચ ટોલ નાકાની પશ્ચિમે, ગામ-વગલવાડ : તાલુકો-ગણદેવી : જિલ્લો-નવસારી, દક્ષિણ ગુજરાત આ સંમેલનમાં આપણે સૌ સાધકોની સુરક્ષાનું પ્રતીક એવી ધર્મની છત્રીની સ્થાપના કરીશું, સૌ સાથે સાધના કરીશું, વિપશ્યનાના આચાર્યો પાસેથી ધર્મની સમજ, ધર્મ સેવાના અપ્રાત્તમ લાભ વિશે માર્ગદર્શન મેળવશું. તેમ જ કેન્દ્રના ટ્રસ્ટીઓ પાસેથી ધમ્મઅંબિકાની વર્તમાન પ્રગતિ તેમ જ ભવિષ્યના આયોજન વિશે જાણકારી પ્રાપ્ત કરીશું.

આ સંમેલનમાં સમગ્ર ગુજરાતના સર્વ જૂના સાધકો, ગુજરાતમાં સર્વ આચાર્યો, વરીષ્ઠ સહાયક આચાર્યો, સહાયક આચાર્યો તેમ જ ગુજરાતના બધા જ કેન્દ્રોના ટ્રસ્ટીશ્રીઓને પધારવા ખાસ હાર્દિક આમંત્રણ છે.

### રજીસ્ટ્રેશન અંગેની માહિતી

આપને તા. ૧૫-૦૨-૨૦૧૫ સુધીમાં રજીસ્ટ્રેશન નીચે જણાવેલ ફોન નંબર અથવા ઇ-મેઇલ દ્વારા કરવા વિનંતી, જેથી વ્યવસ્થા સુગમતાપૂર્વક કરી શકાય.

**સ્થળ** : **''ધમ્મ અંબિકા'' વિપશ્યના કેન્દ્ર, ૧૦૨-વિતરાગ ચેમ્બર્સ, ૬/૧૪૦૭, થોભાશેરી મહિધરપુરા, સુરત-૩૯૫૦૦૩.**

**ફોન** : **૦૨૬૧-૨૪૨૭૯૭૩, ૯૮૨૫૯૫૫૮૧૨, ૯૪૨૮૧ ૬૦૭૧૪**

**ઇ-મેઇલ** : dhammaambikasurat@gmail.com

**વેબસાઇટ** : www.ambika.dhamma.org

## ધમ્મ અંબિકા કેન્દ્રમાં બાળકો માટે આનાપાન કોર્ષ
## ૧૨ થી ૧૮ વર્ષ માટે

| ગર્લ્સ | બોયઝ |
|---|---|
| ૧૮-૪-૨૦૧૫ થી ૨૦-૪-૨૦૧૫ | ૨૨-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ |

## ધમ્મપાલીમાં ૩ દિવસીય શિબિરનું આયોજન

નવનિર્મિત વિપશ્યના કેન્દ્ર ધમ્મપાલિ ખાતે પ્રથમ વખત જુંના સાધકો માટે ૩ દિવસીય શિબિર નું આયોજન તા. ૬-૩-૨૦૧૫ થી ૯-૩-૨૦૧૫ અને ૧૯-૩-૨૦૧૫ થી ૨૨-૩-૨૦૧૫ દરમ્યાન કરેલ છે. શિબિર પ્રારંભ ઝીરો દિવસે સાંજે થશે અને સમાપન અંતિમ દિવસે સાંજે ૫-૦૦ વાગ્યે થશે.

ગામ : ટોડી, સોનગઢ - પાલીતાણા રોડ, જી. ભાવનગર.

**:: રજીસ્ટ્રેશન માટે સંપર્ક ::**

**૭૮૭૮૧૦૩૬૩૬**

| સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર–**ધમ્મકોટ** રાજકોટ. | કચ્છ વિપશ્યના કેન્દ્ર–**ધમ્મસિંધુ** બાડા. | ગુર્જર વિપશ્યના કેન્દ્ર–**ધમ્મપીઠ** અમદાવાદ | ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર–**ધમ્મ દિવાકર** મીઠા, મહેસાણા. | દક્ષિણગુજરાત વિપશ્યના કેન્દ્ર–**ધમ્મ અંબિકા** નવસારી | ધર્મજ વિપશ્યના કેન્દ્ર–**ધર્મજ** |
|---|---|---|---|---|---|
| C/o. ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ–૧.<br>0281-2233666<br>M : 78 78 72 72 23<br>0281-2924942<br>M : 93279 23540<br>રજિસ્ટ્રેશન – સમય ૧૦:૦૦ થી ૦૧:૦૦ અને ૦૪:૩૦ થી ૭:૦૦<br>dhammakot@gmail.com | C/o. શ્રી ઈશ્વરલાલ ચુ. શાહ, પ્રો. કે. ટી. શાહ રોડ, માંડવી. કચ્છ–૩૭૦ ૪૬૫<br>02834-273303<br>M : 78746 23305<br>M : 99256 74104 | રનોડા તા. ધોળકા, જિ. અમદાવાદ– ૩૮૦ ૮૧૦<br>02714-294690<br>M : 94264 19397 | C/o. ઉપેન્દ્રકુમાર પટેલ, ૭–અપના બજાર, વિમલ સુપર માર્કેટ, બી.કે. રોડ, મહેસાણા. (ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.<br>02762-272800, 254634, 252345<br>M : 94292 33000 | નવસારી–બિલિમોરા થી ૧૫ કિ.મી., N.H. નં.–8 બોરિયાચ ટોલનાકાથી 2km, વગલવાડ, તા.:ગણદેવી<br>02634-291100<br>292521<br>94281 60714<br>98250 44536<br>રજિસ્ટ્રેશન ૧૧થી ૫ દરમિયાન<br>0261-3260961 | હેમંતભાઈ પટેલ<br>02697- 245460, 245302<br>M : 94265 00765 |

## ૧૦ દિવસીય શિબિરની માહિતી

| સૌરાષ્ટ્ર (ધમ્મકોટ) | કચ્છ (ધમ્મસિંધુ) | ગુર્જર (ધમ્મપીઠ) | ઉત્તર ગુજરાત (ધમ્મ દિવાકર) | દક્ષિણગુજરાત (ધમ્મ અંબિકા) | ધર્મજ |
|---|---|---|---|---|---|
| 11-03 to 22-03-15<br>25-03 to 05-04-15<br>08-04 to 19-04-15<br>22-04 to 03-05-15<br>06-05 to 17-05-15<br>20-05 to 31-05-15<br>03-06 to 14-06-15<br>17-06 to 28-06-15 | 08-03 to 19-03-15<br>22-03 to 02-04-15<br>10-05 to 21-05-15<br>24-05 to 04-06-15<br>07-06 to 18-06-15<br>21-06 to 02-07-15<br>05-07 to 16-07-15 | 11-03 to 22-03-15<br>08-04 to 19-04-15<br>21-04 to 02-05-15<br>06-05 to 17-05-15<br>20-05 to 31-05-15<br>03-06 to 14-06-15<br>03-07 to 14-07-15 | 25-03 to 05-04-15<br>08-04 to 19-04-15<br>22-04 to 03-05-15<br>06-05 to 17-05-15<br>20-05 to 31-05-15<br>03-06 to 14-06-15<br>17-06-15 to 28-06- | વિશેષ ગંભીર શિબિર<br>08-03 to 19-03-15<br>21-03 to 01-04-15<br>06-05 to 17-05-15<br>27-05 to 07-06-15<br>17-06 to 28-06-15<br>01-07 to 12-07-15 | 01-03-15 to 12-3-15<br>09-05-15 to 12-3-15<br>04-07-15 to 15-7-15<br>01-08-15 to 12-8-15<br>01-10-15 to 12-10-15<br>**મોગર કેન્દ્ર–ધમ્મ ભવન વડોદરા.**<br>**દર મહિનાના પહેલા રવિવારે સામૂહિક સાધના**<br>૫–કાલિંદી પાર્ક, અકોટા અતિથિ ગૃહ પાછળ, વડોદરા–૩૯૦૦૨૦.<br>0265-2341181<br>M : 94263 32180<br>vvs04@ hotmail.com |
| **સતિપટ્ઠાન**<br>**22-05 to 30-05-15** | **સતિપટ્ઠાન**<br>**24-03 to 01-04-15**<br>**૨૦ દિવસીય શિબિર**<br>05-04 to 26-04-15<br>05-04 to 06-05-15 | **સતિપટ્ઠાન**<br>**25-03 to 02-04-15**<br>**૨૦ દિવસીય શિબિર**<br>29-08 to 20-09-15 | **સતિપટ્ઠાન**<br>**04-07 to 12-07-15**<br>**૨૦ દિવસીય શિબિર**<br>01-03 to 22-03-15 | **સતિપટ્ઠાન**<br>**08-04 to 16-04-15**<br>**યુવા શિબિર ૧૫થી૧૯ વર્ષ**<br>25-04 to 03-05-15 યુવકો<br>18-05 to 26-05-15 યુવતીઓ | |

**ઉના** **સામૂહિક સાધના :** સવારે ૬:૩૦ થી ૭:૩૦, **હરેશભાઈ જે. ટીલવાણી** ૪૨, વ્રજભૂમિ સોસાયટી, શેરી નં.૩, નવી મામલતદાર ઓફીસ પાછળ, ગીરગઢડા રોડ, મો.: 94277 38070

**ધોરાજી** **સામૂહિક સાધના :** સાંજે ૬:૧૫ થી ૭:૧૫, **ખીમજીભાઈ કોયાણી** કે.ઓ. શાહ કોલેજ, મો.: 98244 91245, એક દિવસીય શિબીર છેલ્લા રવિવારે, સમય : સવારે 8 થી 1

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ ફોટો આઇડી (ફોટો ઓળખપત્ર) ની ઝેરોક્ષ લાવવી ફરજીયાત છે.**

**દર મહિનાના બીજા રવિવારે સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે બાળકો માટેની ''આનાપાન'' શિબિર, માસુમ સ્કુલ, યુનિ. રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવે છે.**

## દોહા ધરમના

જગત બદલતા હી રહે, યહી નિયતિ કા ધર્મ ।
જીર્ણ શીર્ણ હોતા રહે, યહી દેહ કા ધર્મ ॥
બિગડી બિગડી બનતા રહે, બન બન બિગડત જાય ।
ક્ષણ જનમે ક્ષણ મેં મરે, ભૌતિક રુપ કહાય ॥
ઉદય બદલતા અસ્ત મેં, હોય નષ્ટ સબ ભોગ ।
જીવન પલટે મૃત્યુ મેં, હો વિયોગ સંયોગ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨, રૂવાપરી રોડ, ભાવનગર – ૩૬૪ ૦૦૫.
ફોન : (૦૨૭૮) ૨૨૧૨૪૦૧–૨–૩ ની મંગલકામના

## દોહા ધરમના

મોટે મોટે દુ:ખ તો, સમજ લેય સબ કોય ।
પર જો સમજે ગહન દુ:ખ, મુક્ત હો સકે સોય ॥
જબ જબ ભોગૂં દુ:ખ કો, દુ:ખ મૂલ છિપ જાય ।
ડાલ પાત સે ઉલઝતે, દુ:ખ અનંત હો જાય ॥
દુ:ખ કે દિન હી ધન્ય હૈં, અહંકાર મિટ જાય ।
પરદુ:ખ કાતરતા જગે, કરુણા ચિત્ત સમાય ॥

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઇ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.) રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 3 ફેબ્રુઆરી 2015** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂા. 100/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013
Postal Reg. No. RAJKOT/450/2015-17
(Renewed upto 31.12.2017)

**Weighs less than 30 gms**
Posting day-25th of every month,
Posted at Rajkot RMS - 360 001.
**Write PIN CODE for Correct Delivery**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org / **Web site :** www.kota.dhamma.org